Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૮ ● સળંગ અંક : ૧૦૯૬ ● પ્રકાશિત તા-૨૪-૧૨-૨૦૨૫,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

અમદાવાદ પોલીસ કમિશનરનો મહત્ત્વનો નિર્ણય

# અમદાવાદમાં ક્રિસમસ અને થર્ટી ફર્સ્ટ પર માત્ર ગ્રીન ફટાકડાને જ મંજૂરી


**નાતાલ અને નવા વર્ષની પૂર્વ રાત્રે ૧૧.૫૫થી ૧૨.૩૦ સુધી, એટલે કે માત્ર ૩૫ મિનિટ માટે જ ફટાકડા ફોડવાની મંજૂરી, જાહેર સુરક્ષાને ધ્યાને રાખીને હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ અને ધાર્મિક સ્થળોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારને 'સાયલન્ટ ઝોન' જાહેર**

અમદાવાદ : ફટાકડાના કારણે થતા પ્રદૂષણને રોકવા માટે અમદાવાદ પોલીસ કમિશનરે મહત્ત્વનો નિર્ણય લીધો છે. આગામી ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી દરમિયાન સલામતી જળવાઈ રહે, આગ કે અકસ્માતના બનાવો ન બને અને પ્રદૂષણનું પ્રમાણ નિયંત્રણમાં રહે તે હેતુથી શહેરમાં ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ અંગે કડક નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે. આ આદેશ મુજબ અમદાવાદ શહેરમાં માત્ર 'ગ્રીન ફટાકડા'ના ઉપયોગને જ મંજૂરી આપવામાં આવી છે. નવા નિયમો મુજબ, નાતાલ અને નવા વર્ષની પૂર્વ રાત્રે ૧૧.૫૫થી ૧૨.૩૦ સુધી, એટલે કે માત્ર ૩૫ મિનિટ માટે જ ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવી છે. શહેરમાં માત્ર લાયસન્સ ધરાવતા વેપારીઓ જ PESO દ્વારા માન્યતા પ્રાપ્ત 'ગ્રીન ફટાકડા' વેચી શકશે, જ્યારે ઓનલાઈન વેચાણ અને વિદેશી ફટાકડાના વેપાર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, સ્વાસ્થ્ય માટે હાનિકારક એવા બેરિયમયુક્ત ફટાકડાના ઉપયોગ પર સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ રોક લગાવાઈ છે. જાહેર સુરક્ષાને ધ્યાને રાખીને હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ અને ધાર્મિક સ્થળોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારને 'સાયલન્ટ ઝોન' જાહેર કરવામાં આવ્યો છે, જ્યાં ફટાકડા ફોડવાની મનાઈ રહેશે. તે જ રીતે પેટ્રોલ પંપ, ગેસ સ્ટોરેજ અને ગીચ બજારો જેવા સંવેદનશીલ સ્થળોએ પણ આતશબાજી કરી શકાશે નહી. ખાસ કરીને ચાઈનીઝ તુક્કલના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે જેથી હવામાં ઉડતી આતશબાજીથી કોઈ મોટી જાનહાનિ કે આગની ઘટના ન બને.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-ચંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-ચંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

Click here to download our application for android
MIRCHI NEWS
મિર્ચી ન્યૂઝ લઈને આવ્યું છે... મોબાઈલ એપ્લીકેશન
Android App on Google Play
એક ક્લીકે અનેક સમાચાર તમારા મોબાઈલ ઉપર...
આજે જ ડાઉનલોડ કરો મિર્ચી ન્યૂઝની મોબાઈલ એપ્લીકેશન
ડાઉનલોડ કરવા માટે
playstore માં search કરો
mirchi news
Download our free App
keeping you appy with just great NEWS & LOCAL UPDATES

નવા વાડજમાં ભવ્ય શુભારંભ
ચશ્મા કે ગોગલ્સનો આધુનિક શો-રૂમ
Janam OPTICS
Chashme ka adda

શુભારંભ નિમિત્તે ખાસ ઓફર
Rs 1199/- માં બે ફ્રેમ બ્લુ કટ ગ્લાસ સાથે...
20 થી 50 % બ્રાન્ડેડ ચશ્મા સાથે ડિસ્કાઉન્ટ

શોપ-૧, આદિત્ય આઈકોન, ત્રીશા હોસ્પીટલની ગલીમાં, મિર્ચી મેદાન, નવા વાડજ, અમદાવાદ-૧૩.
શિવ મહેતા M : 91046 96975

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## AMCની પાર્કિંગ પોલીસીનો

# પશ્ચિમના અનેક જુના વિસ્તારોમાં અમલ મુશ્કેલ : વેપારીઓ નારાજ..!!

**રહેણાંક સોસાયટીઓ વિસ્તારોમાં મોટેભાગે જુની સોસાયટીઓ આવેલ છે, ગેરકાયદે બાંધકામ મોટી પ્રમાણમાં કરવામાં આવેલ છે, સોસાયટીઓ હોય કે એપાર્ટમેન્ટ હોય પાર્કિંગની જગ્યાનો અભાવ છે અને વાહનોની સંખ્યા વધારે છે કોમર્શિયલ દુકાનો અને કોમ્પલેક્ષોની વાત કરીએ તો મોટાભાગના કોમ્પલેક્ષો, દુકાનોમાં પાર્કિંગ, ભોયરામાં કોમર્શિયલ પ્રવૃતિઓ ચાલી રહી છે. ઓછામાં પુરુ માર્જીનની જગ્યાઓ પર ગેરકાયદે બાંધકામનો રાફડો**

અમદાવાદ : AMC દ્વારા ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે એન્જિનિયરિંગ, એન્ફોર્સમેન્ટ, એન્કરેજમેન્ટ, એજ્યુકેશન અને ઈવેલ્યુએશન -એમ પાંચ સ્તંભ પર આધારિત વ્યૂહરચના અમલમાં મૂકી છે. જેમાં હાલમાં દબાણ અને પાર્કિંગ મુદ્દે AMC દ્વારા સવારે, સાંજે અને રાત્રે એમ ત્રણ શિફ્ટમાં સઘન કામગીરી ચાલી રહી છે. CG રોડ, આશ્રમ રોડ, SG હાઈવે, ૧૩૨ ફૂટ અને ૧૦૦ ફૂટ રિંગ રોડ જેવા શહેરના મુખ્ય માર્ગો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

જો કે શહેરના પશ્ચિમના અનેક વિસ્તારોમાં AMC દ્વારા ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે જે પોલીસી લાવવામાં આવી છે એનો અમલ મુશ્કેલ હોવાનું જાણકારો માની રહ્યા છે. એક વેપારીના જણાવ્યા મુજબ, પશ્ચિમના અનેક વિસ્તારો જેમ કે નારણપુરા, નવા વાડજ, જુના વાડજ, નિર્ણયનગર અને ચાંદલોડીયા સહિતના અનેક વિસ્તારોમાં મોટી સંખ્યામાં જુની નાની મોટી સોસાયટીઓ, હાઉસિંગ સોસાયટીઓ, રોડ પર દુકાનો, કોમર્શિયલ કોમ્પલેક્ષ આવેલા છે.

જો રહેણાંક સોસાયટીઓની વાત કરવામાં આવે તો ઉપરોક્ત તમામ વિસ્તારોમાં મોટેભાગે જુની સોસાયટીઓ આવેલ છે, ગેરકાયદે બાંધકામ મોટી પ્રમાણમાં કરવામાં આવેલ છે, સોસાયટીઓ હોય કે એપાર્ટમેન્ટ હોય પાર્કિંગની જગ્યાનો અભાવ જોવા મળી રહ્યો છે.જેને લોકો રોડ પર વાહન પાર્ક કરી રહ્યા છે. જેથી હાલમાં પણ પાર્કિંગની સમસ્યા નડી રહી છે, જૂની સોસાયટીઓમાં વાહનોની વધતી સંખ્યા સામે પાર્કિંગની જગ્યા અપર્યાપ્ત છે, જેના કારણે ઝઘડા અને અકસ્માતો પણ વધ્યા છે.પાર્કિંગને લઈને અવારનવાર નાના મોટા ઘર્ષણો અને ઝઘડાઓ પણ થતા રહે છે.

સાથે સાથે કોમર્શિયલ દુકાનો અને કોમ્પલેક્ષોની વાત કરીએ તો મોટાભાગના કોમ્પલેક્ષો, દુકાનોમાં પાર્કિંગ આવેલ નથી, પાર્કિંગની જગ્યાએ દુકાનો તાણી બંધાઈ છે, ભોયરામાં કોમર્શિયલ પ્રવૃતિઓ ચાલી રહી છે. ઓછામાં પુરુ માર્જીનની જગ્યાઓ પર ગેરકાયદે બાંધકામનો રાફડો છે, ત્યારે કોમર્શિયલ દુકાનો અને કોમ્પલેક્ષોમાં વેપારીઓ અને મુલાકાતીઓ દ્વારા બહાર રોડ પર, ફુટપાથ પર વાહનો પાર્ક કરી રહ્યા છે.

ઉપરોક્ત તમામ સમસ્યાઓ ખાસ કરીને પશ્ચિમ અમદાવાદના જૂના વિસ્તારોમાં વધુ જોવા મળે છે.આગામી સમયમાં સ્થાનિકોની માંગ અને પડકારોની વાત કરીએ તો સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓનું માનવું છે કે AMCએ પહેલાં આવા જૂના કોમ્પ્લેક્સમાં પાર્કિંગની જગ્યા પુનઃસ્થાપિત કરાવવી જોઈએ અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઈએ.

જ્યાં પાર્કિંગની જગ્યા જ નથી, ત્યાં બહાર પાર્ક કરવા સિવાય કોઈ વિકલ્પ નથી, તેથી કડક કાર્યવાહી અન્યાયી છે.અનેક સોસાયટીઓએ AMCને વધારાના પાર્કિંગ પ્લોટ અથવા શેર્ડ પાર્કિંગ માટે અરજી કરી છે.

# મ્યુનિ. કોર્પોરેશને દબાણ દૂર કરવા ત્રણ દિવસીય નાઈટ ડ્રાઈવ યોજી

## નાઈટ ડ્રાઈવ દરમિયાન ૭૦૦થી વધુ ફૂડ કાઉન્ટર, હોર્ડિંગ્સ અને પરચુરણ સામાન જપ્ત

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ટ્રાફિકની સુગમતા, જાહેર સલામતી અને નાગરિકોની સુવિધા સુનિશ્ચિત કરવા હેતુસર છેલ્લી ત્રણ રાત્રિ દરમિયાન વિવિધ ઝોનમાં વ્યાપક નાઈટ દબાણ વિરોધી ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત જાહેર માર્ગો, ફૂટપાથ તેમજ ટ્રાફિકમાં અવરોધરૂપ બનેલા દબાણો દૂર કરવાની સંકલિત કાર્યવાહી હાથ ધરાઈ હતી. છેલ્લી ત્રણ રાત્રિએ પશ્ચિમ, ઉત્તર-પશ્ચિમ, ઉત્તર, પૂર્વ અને મધ્ય ઝોનમાં નાઈટ ડ્રાઈવ યોજાઈ હતી. પશ્ચિમ ઝોનમાં સરદાર પટેલ નગર, પંચવટી, સી.એન.વિદ્યાલય, પાંજરાપોળ, ઉસ્માનપુરા, એલ.ડી.કોલેજ, સેપ્ટ યુનિવર્સિટી રોડ, વિજય ચાર રસ્તા, સી.જી. રોડ, લો ગાર્ડન, કોમર્સ કોલેજ, નારણપુરા અને આશ્રમ રોડ વિસ્તારમાં રાત્રિના ૧૦.૩૦થી ૨ વાગ્યા સુધી કાર્યવાહી કરવામાં આવી. આ દરમિયાન ફૂડ કાઉન્ટર, ટેબલ-ખુરશી સહિતના દબાણો દૂર કરી લોખંડના કાઉન્ટર/છતવાળી લારીઓ તથા અન્ય પરચુરણ સામાન મળીને કુલ ૩૪૭ જેટલો માલ સામાન જપ્ત કરવામાં આવ્યો. ઉત્તર-પશ્ચિમ ઝોનમાં SG હાઈવે, ઈસ્કોન ચાર રસ્તા, ઝાયડસ ચાર રસ્તા, ગોતા ચાર રસ્તા, ડ્રાઈવ-ઈન રોડ, હિમાલય મોલ, વસ્ત્રાપુર તળાવ, જજીઝ બંગલો રોડ, SP રિંગ રોડથી ભાડજ સર્કલ, સાયન્સ સિટી અને સિંધુ ભવન રોડ, કારગિલથી ગુજરાત હાઈકોર્ટ સુધીનો SG હાઈવે, વસ્ત્રાપુર તળાવ સહિતના વસ્તારોમાં રાત્રિના ૧૦.૩૦ થી ૧.૩૦ વાગ્યા સુધી નાઈટ ડ્રાઈવ યોજાઈ હતી. આ કાર્યવાહી દરમિયાન લોખંડના કાઉન્ટર/ છતવાળી અને વાંસવાળી લારીઓ, બોર્ડ-બેનર તથા અન્ય પરચુરણ સામાન મળીને કુલ ૩૩૫ જેટલો માલ સામાન જપ્ત કરાયો હતો. ઉત્તર ઝોનમાં મેમ્કોથી કુબેરનગર, હીરાવાડી BRTSથી ઠક્કરબાપાનગર, બાપુનગર એપ્રોચથી ચામુંડાનગર, માછલી સર્કલથી આદર્શનગર, વમની કાંકરીયાથી નરોડા ગામ તેમજ નવા નરોડા રોડ સુધી રાત્રિના ૧૦ થી ૧૨.૩૦ વાગ્યા સુધી નાઈટ ડ્રાઈવ યોજાઈ હતી, જેમાં લોખંડના કાઉન્ટર/છતવાળી લારીઓ સહિત કુલ ૪૩ જેટલો માલસામાન જપ્ત કરવામાં આવ્યો. પૂર્વ ઝોનમાં સોનીની ચાલી, વિરાટનગર, કેનાલથી ડામર સર્કલ અને ઓઢવ વિસ્તારમાં સાંજના ૬ થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી કાર્યવાહી કરી લારીઓ, જાહેરાતના હોર્ડિંગ્સ/બોર્ડબેનર, વાંસ/વળી/તાડપત્રી સહિત કુલ ૪૭ જેટલો માલ સામાન જપ્ત કરાયો હતો. મધ્ય ઝોનમાં દરિયાખાના ઘુમ્મટ રોડ, જે.પી. ચોક રોડ, કાલુપુર રેલવે સ્ટેશન રોડ અને સિવિલ હોસ્પિટલ રોડ વિસ્તારમાં રાત્રિના ૮ થી વહેલી સવારના ૩ વાગ્યા સુધી કાર્યવાહી કરી લારીઓ, જાહેરાતના હોર્ડિંગ્સ અને અન્ય પરચુરણ સામાન મળીને કુલ ૫૯ જેટલો માલ સામાન જપ્ત કરાયો તથા જાહેર રસ્તાની બાજુ બનાવેલા ત્રણ કાચા શેડ દૂર કરવામાં આવ્યા હતા.












## અનેક હાઉસિંગ સોસાયટીઓમાં ધાબા, છત અને પાણીની ટાંકીઓ જર્જરિત

# ઉત્તરાયણને લઈને જર્જરિત સોસાયટીઓમાં ધાબા ઉપર જોખમ ટાળવા અપીલ..!!

### સંભવિત જોખમને લઈને દુર્ઘટના સર્જાવાનો ખતરો..!!

અનેક મકાનોમાં અગાસી, ધાબા અને છતના સ્લેબમાં તિરાડો તથા નબળાઈ

ધાબા અથવા છત બેસી જવાની શક્યતા

પાણીની ટાંકીઓ, પેરાપીટ અને રેલિંગ જર્જરિત હાલતમાં

કેટલાક સ્થળોએ અગાઉથી રીપેરીંગ ન કરવાના કારણે આખા ધાબાના જોખમમાં વધારો

જાનહાનિ સહિતની ગંભીર દુર્ઘટના સર્જાવાનો ખતરો

અમદાવાદ : ઉત્તરાયણ (મકર સંક્રાંતિ) ગુજરાતીઓ માટે એક પાવન અને આનંદનું પર્વ છે. આ દિવસે આકાશમાં પતંગોની રંગબેરંગી ઉડાન અને "કાઈ પોઈચ"ના નારા આખા ગુજરાતને ઉત્સાહથી ભરી દે છે. ખાસ કરીને અમદાવાદ જેવા શહેરોમાં ફ્લેટો અને સોસાયટીઓના ધાબા પર મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈને પતંગ ચગાવે છે.આ ઉત્સાહ વચ્ચે સલામતીનો મુદ્દો મહત્વનો બની જાય છે, કારણ કે અમદાવાદમાં અનેક હાઉસિંગ સોસાયટીઓ ૪૦ કે તેથી વધુ વર્ષ જૂની છે અને જર્જરિત થઈ ગયેલી છે.

ખાસ કરીને અમદાવાદ શહેરમાં સોલા, નારણપુરા, નવા વાડજ સહિત પૂર્વ વિસ્તારમાં મોટી સંખ્યામાં ગુજરાત હાઉસિંગ બોર્ડની સોસાયટીઓ આવેલી છે. આમાંની મોટાભાગની ઈમારતો ૪૦-૫૦ વર્ષ કે તેથી વધુ જૂની છે. ૨૦૦૧ના ભૂકંપ પછી અનેક ઈમારતોમાં નુકસાન થયું હતું, અને હવે તેમના ધાબા, પાણીની ટાંકીઓ અને છત જર્જરિત થઈ ગયા છે. સરકારી નિયમો અનુસાર ૨૫ વર્ષથી વધુ જૂની અથવા જર્જરિત જાહેર થયેલી ઈમારતો રીડેવલપમેન્ટ માટે લાયક છે, પરંતુ અનેક સોસાયટીઓમાં આ પ્રક્રિયા હજુ બાકી છે.

જર્જરિત સોસાયટીઓમાં અનેક સોસાયટીઓમાં ધાબા, છતના સ્લેબ, પાણીની ટાંકીઓ તેમજ અન્ય માળખાકીય ભાગોમાં ગંભીર ક્ષતિ અને નબળાઈ જોવા મળી રહી છે. આવી પરિસ્થિતિમાં ઉત્તરાયણ પર્વ દરમિયાન એકસાથે મોટી સંખ્યામાં લોકો ધાબા પર એકત્ર થવાથી માળખાકીય નિષ્ફળતા, અકસ્માતો અથવા ગંભીર દુર્ઘટના સર્જાવાનો સંભવ ખતરો રહેલો છે.

જાહેર સલામતી અને માનવજીવનના રક્ષણના હિતમાં જર્જરિત સોસાયટીના એસોસિયેશન અને નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે નાનું મોટુ હોય તો રીપેરીંગ કરાવવું જોઈએ. જો જર્જરિત તથા જૂની સોસાયટીઓમાં વધારે રીપેરીંગ કરાવવાનું હોય તો ઉત્તરાયણ દરમિયાન ધાબા પર પતંગ ચગાવવાનું ટાળવું જોઈએ. સાથે જ સંબંધિત સોસાયટીઓને મ્યુ કોર્પોરેશનનો સંપર્ક કરી તાત્કાલિક સ્ટ્રક્ચરલ ઑડિટ કરાવી જોખમી માળખાઓ અંગે જરૂરી સુરક્ષા પગલાં લેવાની અપીલ કરવામાં આવે છે.

### રહીશોની સલામતી માટે જરૂરી પગલાઓ

રિપેરિંગ કરાવવું: સોસાયટીના ધાબા, છત અને પાણીની ટાંકીનું નાનું-મોટું રિપેરિંગ તાત્કાલિક કરાવવું.

સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવીને જરૂરી સુધારા કરવા.

જર્જરિત જગ્યાનો સામુહિક ઉપયોગ ટાળવો

જો ધાબો અત્યંત જર્જરિત હોય તો તેના પર પતંગ ચગાવવા જવું ટાળવું. બદલે ગ્રાઉન્ડ અથવા સલામત જગ્યાનો ઉપયોગ કરવો.

ભીડ નિયંત્રણ: ધાબા પર વધારે લોકો ન એકત્ર થાય તેનું ધ્યાન રાખવું.

જાગૃતિ: સોસાયટીમાં મીટિંગ કરીને સભ્યોને જાગૃત કરવા અને રિડેવલપમેન્ટની પ્રક્રિયા ઝડપી બનાવવી.

સરકારી મદદ: જર્જરિત ઈમારતો માટે AMC અથવા સંબંધિત અધિકારીઓને જાણ કરવી.

### ગુજરાત હાઉસિંગ વસાહત મંડળની અપીલ

અમદાવાદ : ગુજરાત હાઉસિંગ વસાહત મંડળના પ્રમુખ દિનેશ બારડ જણાવે છે કે આગામી દિવસોમાં ઉતરાયણનો તહેવાર આવી રહ્યો છે અને જે અમદાવાદમાં આ તહેવાર ખાસ કરીને પતંગો ચઢાવવા માટે ધાબા ઉપર અનેરા ઉત્સાહથી ઉજવવામાં આવે છે અને એમાંય આખા અમદાવાદમાં જુના અમદાવાદની પોળો અને બાદમા આ તહેવાર સોલા, નારણપુરા અને નવાવાડજમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના ફ્લેટો કે જે એકસરખી ઊંચાઈવાળા સમાંતર હોવાથી ત્યાં આ ઉત્તરાયણ તહેવાર ઉજવવાનો આનંદ વધારે આપતો હોય છે ત્યારે આ ફ્લેટોમાં કેટલાક ફ્લેટોના ઉપરના ધાબાઓ તથા તેના પેરાપીટ તથા તેની ટાંકીની આસપાસનો ભાગ જર્જરિત અથવા નબળો થઈ ગયો હોવાથી તે માટે કોઈ અકસ્માત ના બને તેના ભાગરૂપે આ ધાબા ઉપર આવતા પતંગ રસિયાઓ અને મહેમાનોને વિનંતી કે જર્જરિત ધાબાઓ અને પેરાપટોને ધ્યાનમાં રાખી ધાબાની કેપેસિટીના પ્રમાણમાં વધારે લોકો તે ધાબા ઉપર એકઠા ન થાય તે માટેના તકેદારી અને સાવચેતીના પગલાંના ભાગરૂપે સ્થાનિક બ્લોક પ્રતિનિધિઓ અને એસોસિએશનના હોદ્દેદારો તેનું ખાસ ધ્યાન રાખે તેવી મારી એક નમ્ર અપીલ છે......

## મ્યુનિ.કોર્પોરેશનની ભારે બેદરકારી

# રીડેવલપમેન્ટમાં ગયેલી સોસાયટીને પણ પ્રોપર્ટી ટેક્ષ ભરવાના મેસેજ

અમદાવાદ : અમદાવાદમાં ચારેય તરફ રીડેવલપમેન્ટની પ્રક્રિયા વેગવંતી બની છે. ત્યારે મ્યુનિ. કોપોરેશન સહીતના વિભાગમાં રીડેવલપમેન્ટને લગતી રૂટીન કામગીરી માટે અલાયદો વિભાગ પણ નથી. જેના લીધે પ્લાનીગ વિભાગથી લઈ ટેક્ષ સહીતના વિભાગો વચ્ચે સંકલનને અભાવ હોવાથી વિવિધ વિભાગો પોતાની રીતે કામગીરી કરીને નાગરીકોને પરેશાન કરે છે. હાલ રીડેવલપમેન્ટમાં ગયેલી અને રજાચીઠ્ઠી મેળવી લેનારા સંબંધીત સોસાયટીના સભ્યોને પ્રોપર્ટી ટેક્ષ ભરવાના મેસેજ કરાયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન કર્મચારીઓની ભારે બેદરકારી બહાર આવી છે. જમીન દોસ્ત થયેલા મકાનોને કોઈપણ વેરો ભરવાનો આવતો નહી હોવાનો નિયમ હોવા છતાં આડેધડ મેસેજ કરાયા છે. મ્યુનિ કોર્પોરેશનના ટેક્ષ વિભાગના કર્મચારીઓની કામગીરીથી લોકો હેરાન થઈ ગયા છે. અમદાવાદ શહેરમાં મ્યુ કોર્પોરેશનની હદ વિસ્તારોમાં પ્રાઈવેટ અને હાઉસિંગ બોર્ડની અનેક સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે. ત્યારે આ સોસાયટીઓના બિલ્ડીગ જ જમીનદોસ્ત થઈ ગયા છે. જેની મ્યુનિ.કોર્પોરેશનમાંથી રજા ચીઠ્ઠી પણ મેળવી લેવાઈ છે. રજા ચિઠ્ઠી મળ્યા પછી મ્યુનિ. કોર્પોરેશનના પ્રોપર્ટી ટેક્ષ સહીત કોઈ પણ વેરો ભરવાનો હોતો નથી. તેની કોર્પોરેશનના કર્મચારીઓની પણ જાણ છે.

મ્યુનિ.કોર્પોરેશનના પ્લાનીગ વિભાગોમાંથી રજા ચીઠ્ઠી અપાયા બાદ આ અંગે મ્યુનિ. પ્રોપર્ટી ટેક્ષ વિભાગને જાણ કરવાની હોય છે. જેના ભાગરૂપે સોસાયટીના લેટર પેડ ઉપરાંત ડેવલપર્સ તરફથી પણ પોતાની રીતે મ્યુનિ.પ્રોપર્ટી ટેક્ષ વિભાગને રજા ચીઠ્ઠીની ઝેરોક્ષ કોપી સાથે જાણ કરાય છે. જાણ કરાયા ત્યારે ટેક્ષ વિભાગના કર્મચારીઓ જણાવે છે કે હવે નવું બિલ્ડીગ તૈયાર થયા પછી જ ટેક્ષ બિલ આવશે. ત્યાં સુધી કોઈ પણ ટેક્ષ ભરવાનો નહી આવે. પરંતુ નાણાકીય વર્ષની શરૂઆત થાય અને ટેક્ષ બિલ તૈયાર થાય તેવા તરત જ પ્રોપર્ટી ટેક્ષધારકોને ટેક્ષની રકમ ભરવા મેસેજ કરાય છે. હાલ ટેક્ષ ભરવાના મેસેજ કરાતા રીડેવલપમેન્ટમાં ગયેલી સોસાયટીના સભ્યોમાં ભારે રોષ ભભુકી ઉઠયો છે.



ડ્રોન શો અને પાયરો શો આકર્ષણનું કેન્દ્ર બનશે

# કાંકરિયા કાર્નિવલમાં દુબઈ જેવો જલસો



અમદાવાદ : અમદાવાદીઓ માટે મનોરંજનનો મહાઉત્સવ ગણાતો કાંકરિયા કાર્નિવલ-૨૦૨૫ આગામી ૨૫થી ૩૧ ડિસેમ્બર દરમિયાન કાંકરિયા ખાતે યોજાશે. દર વર્ષે લાખોની સંખ્યામાં ઉમટતા સહેલાણીઓ માટે આ વર્ષે અનેક નવતર આકર્ષણો અને સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વખતે ક્રાઉડ મેનેજમેન્ટ માટે સૌપ્રથમવાર અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. નવીનતમ આકર્ષણો અને રંગારંગ કાર્યક્રમો સાથે વર્ષે કાંકરિયા કાર્નિવલમાં ડ્રોન શો, પેટ ફેશન શો, જગલર શો, લાઈટ એન્ડ સાઉન્ડ શો અને ખાસ દુબઈમાં યોજાતો પાયરો શો (આગ સાથે ડાન્સ) મુખ્ય આકર્ષણ બની રહેશે. આ ઉપરાંત, કીર્તિદાન ગઢવી, ગીતા રબારી, ઈશાની દવે, બ્રિજદાન ગઢવી જેવા ખ્યાતનામ ગુજરાતી કલાકારોના મ્યુઝિકલ પરફોર્મન્સ પણ યોજાશે. સવારે ૪ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી તમામ લોકોને ફ્રી એન્ટ્રી મળશે. એએમસી દ્વારા ત્રણ સ્ટેજ બનાવવામાં આવ્યા છે, જેમાં સ્ટેજ નં૧ પર પુષ્પકુંજ ગેટ પાસે, સ્ટેજ નં-૨ બાલવાટિકા અને સ્ટેજ નં-૩ વ્યાયામ વિદ્યાલય પાસે બનાવવામાં આવ્યો છે. ત્રણેય સ્ટેજ પર સાતેય દિવસ અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે અન્ય રાજ્યોના પણ સાંસ્કૃતિક કાર્યક્રમો અને ફૂડની મજા લોકો માણી શકશે. અન્ય રાજ્યોના જાણીતા ફૂડ માટેના સ્ટોલ પણ અલગ રાખવામાં આવ્યા છે. સુરક્ષા માટે ટેક્નોલોજીનો ઉપયોગ ભીડને નિયંત્રિત કરવા અને કોઈપણ પ્રકારની દુર્ઘટના ટાળવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. કાંકરિયાના સાતેય એન્ટ્રી અને એક્ઝિટ ગેટ પર હેડ કાઉન્ટ કેમેરા લગાવવામાં આવશે. આ કેમેરા દ્વારા કેટલા લોકોએ પ્રવેશ કર્યો અને કેટલા લોકો હાજર છે તેનું લાઈવ મોનિટરિંગ કરવામાં આવશે. જો ભીડ ૮૦ હજારથી ૧ લાખની આસપાસ પહોંચશે તો તાત્કાલિક ગેટ બંધ કરી દેવામાં આવશે. આ માટે ૩૪ જેટલા CCTV કેમેરા અને ડ્રોન સર્વેલન્સનો પણ ઉપયોગ કરવામાં આવશે. નોંધનીય છે કે, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાર્નિવલ માટે રૂ. ૫ હજાર કરોડનો વીમો લેવામાં આવ્યો છે, જેના માટે રૂ. ૩.૯૧ લાખનું પ્રીમિયમ ચૂકવવામાં આવ્યું છે. જોકે, વીમા કંપનીની 'ટિકિટ સાથે પ્રવેશ'ની શરતને લઈને વિવાદ સર્જાયો હતો, કારણ કે કાર્નિવલમાં પ્રવેશ નિઃશુલ્ક છે. આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ સ્પષ્ટતા કરી છે કે આ શરત દૂર કરવા માટે સૂચના આપવામાં આવી છે અને કંપની સાથે ચર્ચા કરવામાં આવશે.

# કોમનવેલ્થ ઈફેક્ટ! અમદાવાદમાં નવી ૫ વૈભવી હોટેલ નિર્માણ પામશે

અમદાવાદ : ગુજરાત અમદાવાદમાં આગામી ૨૦30 માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ફાઈનલ થઈ ગયુ છે અને ઓલિમ્પિક ૨૦૩૬ માટે મજબુત દાવેદારી છે જ ત્યારે ચાર વર્ષ પછીનાં આ આંતર રાષ્ટ્રીય સ્પોર્ટસ ઈવેન્ટ પૂર્વે અમદાવાદમાં નવી પાંચ આલીશાન વૈભવી હોટેલોનું નિર્માણ થવાના સંકેત છે નવા ૧000 હોટલ રૂમનો ઉમેરો થવા સાથે હોસ્પીટાલીટી ક્ષેત્રે નવુ જંગી રોકાણ ઠલવાઈ શકે છે, અહેવાલો જણાવી રહ્યા છે.કોમનવેલ્થ ગેમ્સ પુર્વે આવતા બે વર્ષમાં જ નવી પાંચ વૈભવી હોટેલોનું નિર્માણ શકય છે. આ માટે ડેવલોપરોએ દરખાસ્ત રજુ કરી જ દીધી છે. અને બાંધકામ શરૂ કરવા માટેની મંજુરીની રાહ છે. પાંચમાંથી બે હોટેલો સૌથી વધુ વિકસતા સિંધુભવન રોડ પર આકાર પામશે.

અહેવાલ મુજબ, અમદાવાદનાં સંકલ્પ ગ્રુપનાં ડાયરેકટર દેવ્યા રોબીન ગોએન્કાએ કહ્યું કે અમદાવાદમાં હોટેલોની મોટી માંગ છે અમે કર્ણાવતી કલબ પાછળ એક હોટેલનું નિર્માણ કરવાની તૈયારી કરી રહ્યા છીએ. અને આ માટે જાણીતી આંતર રાષ્ટ્રીય હોટેલ બ્રાન્ડ સાથે કરાર કર્યા છે. સુચિત હોટેલ ૨૨૦ રૂમની હશે. ૮ લાખ સ્કવેર ફીટનાં પ્રોજેકટમાંથી અર્ધો હિસ્સો હોટેલનો હશે.આ સિવાય રાજયશ ગ્રુપ સિંધૂ ભવન રોડ પર ૧૧ લાખ સ્કવેશ ફૂટનો પ્રોજેકટ તૈયાર કરી રહ્યું છે. તેમાંથી ૫.૫૦ લાખ સ્કવેર ફૂટમાં હોટેલ બનશે. કંપનીનાં ડાયરેકટર રાજન શાહે કહ્યું કે કોમનવેલ્થ ગેમ્સ સહીતનાં ઈવેન્ટ વખતે અમદાવાદમાં હોટેલ રૂમની મોટી ડીમાંડ હશે. ગ્રુપ ૨૫૦ રૂમની ફાઈવ સ્ટાર હોટેલનું નિર્માણ કરશે. જાણીતી હોટેલ બ્રાન્ડ સાથે મેનેજમેન્ટ કરાર માટે વાટાઘાટો ચાલી રહી છે.


ચાલુ વર્ષનાં પ્રારંભે અમદાવાદમાં નવી હોટેલોની એન્ટ્રી તથા વર્તમાન હોટેલોનાં વિસ્તરણ થયા હતા. ઈન્ડીયન હોટેલ કંપનીએ સિંધુભવન રોડ પર ગેટવે અમદાવાદ ખોલવાની જાહેરાત કરી હતી. ૧૧૬ રૂમ અને સ્યુટ સાથેની આ હોટેલ છે. આ સિવાય જીંજર અમદાવાદ તથા ક્રિસ્ટાર ખોલવાની પણ જાહેરાત કરી હતી.યશસ્વી ગ્રુપનાં જીગર ભરવાડે પણ શહેરમાં હોટેલ પ્રોજેકટનું સ્વીકાર્યું હતું. તેમણે કહ્યું કે આવતા વર્ષોમાં આંતર રાષ્ટ્રીય રમતોત્સવ યોજાવાના છે. ઉપરાંત વ્યાપારી-ઔદ્યોગીક ઈવેન્ટ પણ વધી રહ્યા છે. વૈશ્વિક ઉદ્યોગકારો આવશે.જયારે નવરંગપુરા જેવા વિસ્તારમાં હોટેલ પ્રોજેકટની યોજના છે.૧૫૦ રૂમની હોટેલનાં નિર્માણ માટે 3000 વારનો પ્લોટ ખરીદ કરીને નિર્માણ કરાશે.

દરમ્યાન અમેરિકા સ્થિત હોસ્પીટાલીટી જાયન્ટ મેરીયેટ ઈન્ટરનેશનલ પણ અમદાવાદમાં હોટેલની ડીમાંડ વધતી હોવાનું સ્વીકાર્યુ છે. અમદાવાદ તથા વડોદરામાં જાણીતી હોસ્પીટાલીટી બ્રાંન્ડ દ્વારા હોટેલ ખોલવામાં આવશે.કંપનીએ તાજેતરમાં લે મેરીડીયન ખુલ્લી મુકી જ હતી. સુત્રોએ એમ કહ્યું ચે કે સાબરમતી રીવરફ્રન્ટ નજીક નવા પ્રોજેકટ આવી શકે છે.આ સિવાય અમેરીકન હોટેલ ઉદ્યોગમાં મોટુ નામ ધરાવતાં હેરી પટેલ પણ સિંધુ ભવન રોડ પર જ નવા પ્રોજેકટોની તૈયારીમાં છે.એક હોટેલ બ્રાન્ડ સાથે ૧૦૦ રૂમની હોટેલનો કોન્ટ્રાકટ કરવામાં આવે તેવી શકયતા છે. અને તેને વ્યુહાત્મક વિસ્તરણ તરીકે જોવામાં આવે છે.










Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.